બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૬)

**પ્રશ્ન.૧ નીચે આપેલાંમાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંત્તર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

**૧. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા (૬/૯૮)**

**પ્રમાણ- ૧ :** ભગવાનની ભક્તિ તો સર્વે કરે છે પણ ભગવાનની ભક્તિનો ખરો અધિકાર કોને છે ? તે શ્રીજીમહારાજ જણાવે છે, ''જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'' **(વચ. લો. ૭)**

**પ્રમાણ- ૨:** ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।। ''જે બ્રહ્મરૂપ થયો છે અને જેનું મન સદા પ્રસન્ન છે અને જે કોઈ પ્રકારનો શોક કરતો નથી, તેમ કોઈ પદાર્થને ઇચ્છતો નથી, સર્વભૂતમાં જેને સમભાવ છે, તે પુરુષ મારી પરાભક્તિને પામે છે.'' **(ગીતા : ૧૮-૫૪)**

**પ્રમાણ- ૩ :** ''એવી સ્થિતીમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં.'' **(વચ.ગ.પ્ર. ૨૩)**

**પ્રમાણ- ૪ :** ''સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે.'' **(વચ.ગ.મ. ૩૦)**

**પ્રમાણ- ૫ :** ''બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જે (તેને) સ્ત્રી ન જોઈએ ને એવી કોઈ સ્ત્રી નથી જે (તેને) પુરુષ ન જોઈએ. તેમાંથી નોખા પાડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે જે निजात्मानं ब्रह्मरूपम्... જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તો પણ પાણો ન મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.'' (સ્વા.વા.૧/૧૪૧) વળી, निजात्मानं ब्रह्मरूपम्... એ આજ્ઞા પળે તો.... કારણ દેહનો નાશ થાય છે.'' (સ્વા.વા. ૫/૭૨)

**પ્રમાણ- ૬ :** ''પ્રજાપતિ આદિ લઈને જે જગતના સ્ત્રષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને પાછા અંતે માયાને વિષે લીન થાય છે તે શા સારુ તો તેમની સમજણમાં ભૂલ છે.'' ''બીજું અક્ષરરૂપ થઈને જે શ્રી પુરુષોત્તમ નારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે એમ નથી માનતા એ ભૂલ છે.'' (વચનામૃત અશ્લાલીનું)

**પ્રમાણ- ૭ :** ''માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.'' (વચ.લો.૭)

**૨. ભગવાન સાકાર કેવી રીતે ? (૩/૧૪)**

**પ્રમાણ-૧ :** ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી. કાં જે, ભગવાન થકી જ સર્વ સ્થાવર જંગમ સૃષ્ટિ થાય છે. તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય ? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી. બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે. **(વચ. ગ. મ. ૧૦)**

**પ્રમાણ-૨ :** 'ભગવાન સદા સાકાર જ છે... અને સાકાર ન હોય તેને વિષે આકાશની પેઠે કર્તાપણું ન કહેવાય તથા એક દેશને વિષે રહેવાપણું ન કહેવાય.' **(વચ. ગ. અં. ૩૫, પં. ૧, ગ. મ. ૩૯)**

**પ્રમાણ- ૩ :** 'જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે અને શ્રુતિએ પણ એમ કહ્યું છે, 'જે તે ભગવાન માયા સામું જોતા હવા અને જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય ? હાથપગ પણ હોય, માટે સાકાર રૂપનું પ્રતિપાદન થયું. અને વળી જેમ સમગ્ર જળ છે તેના જીવરૂપ જે વરુણ તે પોતાના લોકને વિષે સાકાર છે ને જળ નિરાકાર કહેવાય છે અને જેમ અગ્નિની જે જવાળા છે તે નિરાકાર કહેવાય છે અને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિલોકને વિષે સાકાર છે, અને જેમ સમગ્ર તડકો નિરાકાર કહેવાય છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સાકાર છે, તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે. અને એ સર્વત્ર એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે. અને કોઈ એમ કહેશે જે, શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'પરમેશ્વર તો કરચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ છે.' તો એ જે શ્રુતિએ કરચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક કરચરણાદિકનો નિષેધ કર્યો છે અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી. એવી રીતે ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી. **(વચ.ગ.પ્ર. ૪૫)**

**પ્રમાણ- ૪ :** 'એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે તે તો માયિક એવાં જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે. પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે અને અનંત કલ્યાણગુણે યુક્ત છે. અને તેજના પુંજરૂપ

કહ્યા તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ, તેજ તે મૂર્તિનું છે.... તેમ બ્રહ્મ સત્તારૂપ છે... જે કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે... માટે કોઈ ગમે તેવાં શાસ્ત્ર વંચાતાં હોય અને તેમાં ભગવાનનું નિર્ગુણપણે કરીને પ્રતિપાદન આવે તે ઠેકાણે એમ જાણવું જે એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે. પણ ભગવાન તો સદા મૂર્તિમાન જ છે.' **(વચ. ગ. પ્ર. ૬૬)**

૩. **અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય (૬/૧૦૮)**

**પ્રમાણ- ૧:** અક્ષરરૂપ પુરુષ અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા તે ઘણા છે ને અક્ષર પોતે એક છે. **(વેદરસ-પૃ.૨૧૩-૨૧૪)**

**પ્રમાણ- ૨:** ધામરૂપ અક્ષર એક જ છે ને બીજા અક્ષર મુક્ત અનંત કોટિ છે. **(સ્વા. વા. ૫/૧૭૭)**

**પ્રમાણ- ૩:** શ્રી હરિ પોતાના ધામમાં અક્ષરબ્રહ્મના ભાવને (સાધર્મ્યને) પામેલા અનંત કોટી મુક્તો તથા મૂર્તિમાન અક્ષરબ્રહ્મ વડે પોતાની ઇચ્છાનુસાર સેવા પરિચર્યા કરાઇ રહ્યા છે. **(સેતુ. ટી. ૫૯/૫)**

**પ્રમાણ- ૪:** અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સબંધી સુખ છે. **(વચ. લો. ૧૭)**

**પ્રમાણ- ૫:** એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે. **(વેદરસ પૃ. ૧૪૬)**

**પ્રમાણ- ૬:** અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રી પુરુષોત્તમનારાયણને રહેવા સારું ધામરૂપ થયું છે ને સર્વ અક્ષરબ્રહ્મ સંજ્ઞાને પામેલા અનંત કોટિ મુક્તો થકી ભગવાનના ધામરૂપ જે અક્ષર બ્રહ્મ તે અનાદિ છે. **(વચ. અમ.૬)**

૪. **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ એક અને અદ્વિતીય (૪/૪૬)**

**પ્રમાણ- ૧ :** 'एकमेवा द्वितीयं ब्रह्म' ભગવાન એક જ અને અદ્વિતીય છે. **(શ્રુતિ)**

**પ્રમાણ- ૨ :** એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી. **(વચ. લો.૧૩, કા.૮, કા.૧૦)**

**પ્રમાણ- ૩ :** જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી. **(વચ. ગ.અં. ૩૯)**

**પ્રમાણ- ૪ :** ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે. **(વચ. લો. ૪)**

**પ્રમાણ- ૫ :** તે પરબ્રહ્મની સમાન કે તેથી અધિક કોઈ જણાતું નથી.**(શ્વેતાશ્વર ઉપનિષદ ૬/૮ તથા ભવસંભવસંહિતા ઉપ.૨/૨૪)**

**પ્રશ્ન.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. **न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।**
**यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ।**

જ. **સર્વથી પર અક્ષરધામ અને અક્ષરાધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી (૪/૩૨)**

૨. 'એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.

જ. **અક્ષરનાં બે સ્વરૂપો (૬/૧૦૪)**

૩. પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા, રાત દિવસ હ્રદે ભાવું રે.

જ. **ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ ભક્ત કવિઓનાં પદોમાં (૫/૯૨)**

૪. કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ. પુરષોત્તમ પ્રગટી રે.

જ. **શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : અન્ય પરમહંસોનાં વચનોના આધારે (૪/૪૦)**

૫. 'બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંધિવાનના બંધ સોય રે,
તેમ બંધથી છોડ્યા બહુ જન રે, પોતે પ્રગટી શ્રી ભગવન રે.'

જ. **શ્રીજીમહારાજે પ્રસંગોપાત સમજાવેલું પોતાનું સર્વોપરીપણું. (૪/૪૯)**

**પ્રશ્ન.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ: એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩ (૨/૬)    ૨. ૨, ૩ (૪/૪૩)

**પ્રશ્ન.૪ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

૧. **ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું. (૪/૫૫)**

જ. વડતાલમાં સ્વામી રઘુવીરજી મહારાજ પાસે બિરાજ્યા હતા. રઘુવીરજી મહારાજની ગાદી પર ચંપાનાં ત્રણ ફૂલ મૂકીને સ્વામી બોલ્યા, 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી. અર્થાત કેટલાક મહારાજને રામચંદ્રજી જેવા સમજે છે. કેટલાક બીજા ફૂલ જેવા એટલે કે શ્રીકૃષ્ણ જેવા સમજે છે, પણ આ ત્રીજું ફૂલ એટલે કે શ્રીજીમહારાજ જેવા છે તેવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જેવા કોઈ સમજતા નથી. આ ત્રીજા ફૂલ

સુધી બધાને પહોંચાડવા માટે એટલે કે મહારાજના સ્વરૂપની દઢતા અનેક જીવોને કરાવવા માટે સ્વામીશ્રીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપીને આજ્ઞા કરી કે આ ત્રીજા ફૂલ સુધી સૌને તમારે પહોંચાડવા તે માટે મહારાજના સર્વોપરી સ્વરૂપનું વર્ણન કરતો અપૂર્વ ગ્રંથ રચવો જેમાં શબ્દે શબ્દે મહારાજનો મહિમા આવે. આમ ત્રીજા ફૂલ સુધી પૂગાડવા અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'શ્રી હરિલીલા કલ્પતરું' ગ્રંથની રચના કરી.

**સિદ્ધાંત :-** શ્રીજીમહારાજનું સર્વોપરિપણું સ્વામીએ પોતે વાતો કરીને પ્રવર્તાવ્યું. સાથે સાથે એવા ગ્રંથની પણ રચના કરાવી શ્રીજીમહારાજનું સર્વોપરીપણું ગ્રંથસ્થ કરાવ્યું. તેનાથી યુગો સુધી મુમુક્ષુઓને સાચું માર્ગદર્શન મળી રહેશે.

**૨. બાપુ રતનજીને જૂનાગઢમાં થયેલી પ્રતીતિ (૬/૧૩૪)**

**જ.** જૂનાગઢમાં શ્રીજીમહારાજના અંગત સેવક બાપુ રતનજીએ સ્વામીને કહ્યું : 'જેવો મહારાજે આપનો મહિમા કહ્યો હતો એવા જ આપને મેં જાણ્યા છે. મારી કોઈ ખામી હોય તો ભાંગી નાખજો અને સદાય દૃષ્ટિ રાખજો. મહારાજ તમારા દ્વારા અખંડ રહ્યા છે. એમ નજરે દેખાય છે. માટે મારી સંભાળ રાખજો. તેઓ જૂનાગઢથી સ્વામીનો સમાગમ કરીને જ્યારે વિદાય લેતા હતા, ત્યારે વિદાય આપવા ગયેલા જાગા સ્વામીને તેમણે પોતાના અનુભવની વાત કરી કે મેં મહારાજ પાસેથી ઘણીવાર સાંભળ્યું હતું કે, **'ગુણાતીતાનંદ સ્વામી જેવા કોઈ સમર્થ સાધુ નથી.'** મહારાજ સાથે બીજા કેટલાય મહામુક્તો પધાર્યા હતા, પણ તેમની મોટપ અક્ષરતુલ્ય તો નથી જ. સ્વામીની મોટપ તો આગળ જણાશે. તે આજે દેખાય છે. શ્રીજીમહારાજ છતે સતયુગ વર્તતો હતો, તેથી કામના અને ઊંઘના સંકલ્પો જુવાનીમાં પણ થતા નહિ. **સ્વામી પાસે પણ એવો જ સતયુગ વર્તે છે.** સ્વામીને રાજી કરશો તો મહારાજ રાજી થયા છે તેમ માનજો. માટે સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ.

**સિધ્ધાંતઃ-** સંત તે સ્વયં હરિ' સંતને રાજી કરવાથી સ્વયં મહારાજ રાજી થાય છે. માટે તેમની આજ્ઞા અધ્ધર ઝીલવી.

**૩. દાદાખાચરનાં નળિયાનું ધ્યાન કરો. (૫/૭૧)**

**જ.** સ્વરૂપાનંદ સ્વામીને પ્રગટ મહારાજ કરતાં અંતરમાં દેખાતી મહારાજની મૂર્તિ વિષે વધુ લગની લાગી ગઈ. તેમને પ્રગટનો સિદ્ધાંત સમજાવવા મહારાજે મંદવાડ પ્રેરીને અંતરમાં મૂર્તિ દેખાતી હતી તે બંધ કરી. સ્વરૂપાનંદ સ્વામી મૂંઝાયા. દીન થઈ મહારાજ પાસે આવ્યા. મહારાજની સ્તુતિ કરી. મહારાજે કહ્યું, 'પર્વતભાઈ પાસે જાવ, શાંતિ થઈ જશે.' પર્વતભાઈની પાસે જઈ વાતો કરી છતાં શાંતિ ન થઈ ત્યારે મહારાજે કહ્યું, 'તમે પર્વતભાઈની વાતો સાંભળજો.' પર્વતભાઈએ તેમને કહ્યું, દાદાખાચરનાં નળિયાનું ધ્યાન કરો. સ્વરૂપાનંદ સ્વામીને આ વાત સમજાઈ. પોતાની ભૂલ સમજાઈ કે મહારાજનાં સંબંધથી દરબારનાં નળિયાં પણ ધ્યાન કરવા યોગ્ય બન્યાં છે કારણ કે નળિયાં નિર્ગુણભાવને પામી ગયાં છે. તેથી મારે પણ મહારાજની પ્રત્યક્ષ મૂર્તિમાં જ લગની લગાડવી જોઈએ. આમ કરવાથી તેમને શાંતિ થઈ. પ્રગટના સંબંધથી નિર્જીવ વસ્તુ પણ નિર્ગુણ ભાવને પામી જાય છે.

**સિધ્ધાંત :-** પ્રગટના લીલા ચરિત્રો ગાવા ને સાંભળવાથી શાંતિ થાય છે.

**પ્રશ્ન.૫ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જરૂરી નથી.**

**૧. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા (૩/૨૧)**

ભગવાન તો ધામમાં ને અહીં પણ સંપૂર્ણપણે દિવ્યમૂર્તિ છે જ છતાં ભક્તોને સજાતીય થવા પોતાનામાં મનુષ્યભાવ ગ્રહણ કરે છે. તેમાં સમ્યગ્ દિવ્યભાવ રાખવો તે સાચા ભક્તનો ધર્મ છે. આ દિવ્યભાવની સમજણ માયાની નિવૃત્તિ કે આત્યંતિક મુક્તિ માટે આવશ્યક છે.

(૧) ક્ષર અક્ષરથી પર એવા જે પુરૂષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડને વિષે મનુષ્ય જેવી મૂર્તિ કરીને વિચરે છે ત્યારે સર્વે મનુષ્યના જેવાં જ ચરિત્ર કરે છે અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મદ મોહ, મત્સર, આશા, તૃષ્ણા ઈર્ષા ઈત્યાદિક માયિક સ્વભાવ હોય તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતાનામાં દેખાડે છે તે સર્વે જીવના કલ્યાણને અર્થે છે. પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને પરમપદ ને પામે છે. **(વચ. ગ.પ્ર.૭૨)** (૨) ભગવાને ગીતામાં કહ્યું છે જે, जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन । એ શ્લોકનો એમ અર્થ છે જે, 'હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.' માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય, પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ અને જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય. અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે...... માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે, પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ. એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે.... અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની ભક્તિ તે જ્ઞાન, વૈરાગ્ય થકી અધિક છે. અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે ? કાંઈ બાકી નથી.'' **(વચ.ગ.મ. ૧૦)** (૩) વળી પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે નિર્ભય થઈ ચૂક્યો. **(વચ. વર. ૧૨)** (૪) તપ, ત્યાગ,

વૈરાગ્ય, વ્રત, ધ્યાન, અષ્ટાંગ યોગાદિક અનંત સાધનોથી જે સ્વભાવ, દોષ વાસના ન ટળે, તે ટાળવાનો સહેલો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે. **(વચ. ગ.પ્ર.૨૪)** **(૫)** ભગવાનનાં સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિકભાવ નથી, અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે, એવો જેને ભગવાનનો દઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે અને પોતાનામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ દેવતા તે પોત પોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તો પણ એ માયાને તર્યો કહેવાય. **(વચ. વર. ૫)** **(૬)** એ ભગવાન તો સમર્થ છે. તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે. એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય. **(વચ. લો.૪)** **(૭)** ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું (દિવ્ય) રહ્યું છે તેવું જ (દિવ્ય) પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય ને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. **(વચ. પં ૭)** **(૮)** ગુણાતીતાનંદ સ્વામી કહે છે : દિવ્યભાવ અને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે. **(સ્વા.વા. ૫-૧૦૧)** **(૯)** ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે. **(સ્વા. વા. ૫-૧૨૫)** **(૧૦)** ભગવાનની જેમ જ ગુણાતીત સંતને પણ સદા દિવ્ય અને નિર્દોષ સમજવાની મહત્તા દર્શાવતા ગુણાતીતાનંદ સ્વામી કહે છે ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને મોટા એકાંતિક સાધુને પણ એમ સમજવા તે બરોબર કોઈ સાધન નથી. **(સ્વા. વા. ૨/૧૭૨)** **(૧૧)** અતિશય જે મોટા પુરુષ હોય (ગુણાતીત સંત) તેને જે અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય. **(વચ.ગ.પ્ર.૫૮)** **(૧૨)** મોટા પુરૂષને વિષે જે નિર્દોષ બુધ્ધિ રાખે છે તે પોતે સર્વે દોષ થકી રહિત થાય છે. **(વચ.ગ.પ્ર.-૭૩)** માટે ભગવાન અને સંતને દિવ્ય સમજવા અનિવાર્ય છે.

**૨. અનન્ય નિષ્ઠા છતાં સર્વનો આદર (૪/૬૨)**

શ્રીજીમહારાજે સર્વ દેવો આચાર્યો અને અવતારો પ્રત્યે આદરભાવ રાખ્યો છે. શ્રીજી મહારાજે સર્વ દેવ મંદિરોમાં તે તે દેવના સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે પણ પોતાના ઈષ્ટદેવને વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે, એ વાત પર એમણે ખૂબ ભાર મૂક્યો છે. શ્રીજીમહારાજ કહે છે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તે પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દઢ ટેક છે તેમજ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પ્રીતિ થાય નહિ. **(વચ. અં. ૧૬)** શિક્ષાપત્રી ૧૧૩માં શ્રીજી મહારાજે ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વે મનુષ્યોએ કરવી. એમ કહ્યું છે. તેમાં સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતુ માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ દેવી કે અવતારોની નિંદા કરવાની સ્પષ્ટ ના કહી છે એટલું જ નહિ પણ એવો ભાવ બતાવનાર પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અ.પુ.મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે તેમજ ધ્રુવ પ્રહલાદ શુક સનકાદિક નારદ ગોપીઓ જેવા ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દઢ થાય તેથી શ્રીમદ્ ભાગવત્‌ની કથા પણ કરતા ને કરાવતા. અનેક જીવો મહારાજનાં સ્વરૂપને ઓળખે તેમાં જોડાય તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દૃષ્ટિ રાખી મહારાજના સંતો, પરમહંસો, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. તેમાં કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી ગુણ ગ્રાહક દૃષ્ટિ રાખી કાર્ય કરે છે. વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી - પ્રમુખસ્વામી મહારાજ પણ અવિરત વિચરણ કરી દેશદેશમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની વિજયપતાકા લહેરાવી રહ્યા છે.

**૩. ગુણાતીત સંતનાં લક્ષણો (૫/૮૩)**

શ્રીજીમહારાજ ગુણાતીત સંત દ્વારા જ પૃથ્વી પર પ્રગટ રહ્યા છે, તેવા સંતના લક્ષણો મુમુક્ષુઓએ અવશ્ય જાણવા જોઈએ ને તેવા સંતને ઓળખીને તેમનો આશ્રય કરે તો આત્યાંતિક કલ્યાણ થાય છે નહિ તો નરકની પ્રાપ્તિ થાય છે.

(૧) સાચા સંતના અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે,
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડિઘડિયે **(ચોસઠ પદી પદ-૯)** **( સદ્. નિષ્કુળાનંદ સ્વામી)**

(૨) જડ બુધ્ધિ જીવ પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું,
રંગપીત પણે, સોનું ને પિત્તળ ન હોય એક સરખું. **(સદ્. બ્રહ્માનંદ સ્વામી)**

શાસ્ત્રમાં જ્યાં જ્યાં સંતનો મહિમા કહ્યો છે ત્યાં ત્યાં સંતનાં લક્ષણો બતાવ્યાં છે.

(૩) નારી નયન શર જાહિ ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા
લોભ પાશ જેહિ ગર ન બંધાયા સો નર તુમ્હ સમાન રઘુરાયા. **(કિષ્કિન્ધા કાંડ ૨૦માં દોહા પછીની ચોપાઈ)**

(૪) तस्माद गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेयं उत्तमम्
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् **(શ્રીમદ ભાગવત ૧૧-૩-૨૧)**

શાસ્ત્રના સારરૂપ વચનામૃતમાં પણ અનેક સ્થાને ગુણાતીત સંતના લક્ષણો છે. (૫) ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે

સંત તે કેવા હોય તો ઇંદ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા કેમ જે એવી ક્રિયા દેવ મનુષ્યને વિષે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. **(વચ.ગ.અં.૨૬)** (૬) શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણો જ્યાં દેખાય- એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત સંબંધ હોય. **(વચ.ગ.અં. ૨૭)** (૭) દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન કર્મ વચને વર્તવું. **(વચ.ગ.અં ૩૮)** (૮) જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વે વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. **(વચ.ગ. પ્ર. ૪૪)** (૯) સ્વધર્મ જ્ઞાન વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત્ ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઊઘાડું થાય છે. **(વચ.ગ. પ્ર. ૫૪)** (૧૦) જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા. **(વચ. ગ.મ. ૨૩)** (૧૧) पुष्पहाराय सर्पाय. એવું જે વર્તે તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અર્થ કર્યો છે. (આત્મા પરમાત્માનો વેગ લગાડવો તે) તેવા લક્ષણ હોય તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુધ્ધ રહે. લગાર આજ્ઞા લોપે નહિ એવા હોય. **(સ્વા.વા. ૫-૧૪૩)** આ ઉપરાંત જે સંતમાં ભગવાન અખંડ વાસ કરીને રહે તેવા સંતનાં લક્ષણ ગ.પ્ર. ૨૭, ગ.અં. ૩૫, વગેરે વચનામૃતોમાં તથા સાચા ત્યાગીનાં લક્ષણ ગ.પ્ર.૩૬, ૩૭માં તથા અન્ય ઘણાં વચનામૃતોમાં સાચા ભક્ત, એકાંતિક ભક્તનાં લક્ષણ બતાવ્યાં છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં તથા સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી વગેરે પરમહંસોએ પોતાનાં કીર્તનોમાં ગુણાતીત સંતનાં લક્ષણો સ્પષ્ટપણે બતાવ્યાં છે.

**૪. ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે - જીવન અને કાર્યના આધારે (૬/૧૩૮)**

ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અને કાર્ય શ્રીજીમહારાજના બીજા કોઈપણ પરમહંસોના કે ભક્તોના જીવન અને કાર્યની તુલનામાં શ્રેષ્ઠ અને સર્વોપરી છે તે તેમના જીવનના અનેક પ્રસંગથી દેખાય છે.

(૧) બાલ્યકાળથી જ સ્વામી મહારાજને અખંડ દેખતા. ચાર વર્ષની ઉંમરે તેમણે તેમનાં માતાને કહ્યું કે 'મા ! આજે જનોઈનાં ગીત ગાઓ. અયોધ્યામાં ભગવાનને આજે જનોઈ દેવાય છે.' ઘનશ્યામ વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે તેમણે માતાને કહ્યું કે 'મા ! આજે ધામના ધણી વનવિચરણ કરવા નીકળ્યા છે.' (૨) તેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના અસાધારણ સામર્થ્યથી અનેક ચમત્કારો બતાવીને કેટલાયના અસાધ્ય રોગ દૂર કર્યાં. ઘણાને નવું જીવન અર્પ્યું. કેટલાયને મહાકષ્ટોમાંથી મુક્ત કર્યાં હતા. ઘણાને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યાં હતાં. (૩) માણસાના વાલેરો વરુ, લીલાખાના મુંજોસુરુ, કામરોળના દરબાર દાજીભાઈ વગેરે અનેક પાપી આસુરી જીવોનું પરિવર્તન કરીને તેઓને સ્વામીએ સત્સંગી કર્યા હતા. (૪) સ્વામીએ પોતાના આશ્રિત સાધુઓમાં શ્રીજીએ સ્થાપેલ ધન-સ્ત્રીના ત્યાગની મર્યાદા દૃઢ પળાવી હતી અને પોતાના આશ્રિત હરિભક્તો પણ પંચવર્તમાને યુક્ત, પંચવિષયથી અલિપ્ત આદર્શ જીવન જીવતા હતા. શિર સાટે સત્સંગ રાખે તેવા આદર્શ ભક્તો તેમણે કર્યા હતા. (૫) સ્વામીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા અનેક સાધુ હરિભક્તોને પોતાના અક્ષરપણાનો અનુભવ કરાવી શુદ્ધ બ્રહ્મસ્થિતિ કરાવી, મહારાજમાં જોડ્યા હતા. તેમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાળમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, કૃષ્ણજી અદા, બોટાદના શિવલાલ શેઠ, વસોના વાઘજીભાઈ, વણથલીના કલ્યાણભાઈ, બગસરાના વેલો સથવારો, કમીગઢના રચો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, ઉપલેટાના લાલાભાઈ, અરજણભાઈ વગેરે હતા. (૬) સ્વામીની વાતોમાં સ્વરૂપનિષ્ઠા, બળ, માહાત્મ્ય અને શૂરવીરતાના જેવા પડકારા છે એવા બીજા સદ્‌ગુરુઓની વાતોમાં મળતા નથી. તેમણે જ્યાં જ્યાં સત્સંગ કરાવ્યો ત્યાં શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠા કરાવી અને બીજા અવતારો, દેવ-દેવીઓ, મંત્ર-જંત્ર, દોરા, ધાગાનો ભાર રહેવા દીધો નહિ. (૭) વળી, સ્વામીએ હરિલીલાકલ્પતરુ જેવો વિદ્વતાપૂર્ણ ગ્રંથ રચાવી, સર્વોપરી નિષ્ઠા અને સત્સંગ સાહિત્યની અપૂર્વ પુષ્ટિ કરાવી. (૮) જૂનાગઢ મંદિરોનો વ્યવહાર અપૂર્વ વ્યવસ્થા શક્તિથી કરવા છતાં તેમણે કદી ખરડો કર્યો ન હતો. તેમનો સિદ્ધાંત શ્રીજીની નિષ્ઠા દૃઢ કરાવવાનો હતો. એ થયા પછી હરિભક્તો વાપરે ક્યાં ? નિષ્ઠા દૃઢ થયા પછી મહારાજ, સ્વામી અને મંદિરો માટે સર્વસ્વ આપનાર હરિભક્તો તૈયાર થયા હતા. એટલે તો ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું, 'મહારાજ ! આ જૂનાગઢની ખેંગાર વાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સમજાવ્યો છે.' (૯) મંદિરનો મોટો વ્યવહાર, સતત ચાલુ રહેતાં કારખાનાં વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિ હોવા છતાં સ્વામીએ કથાવાર્તા ક્યારેય ગૌણ પાડી નથી. સતત કથાવાર્તાનો અખાડો ચાલુ રાખ્યો. (૧૦) મહેમદાવાદમાં બ્રહ્મના મિથ્યાજ્ઞાનથી ઉન્મત્ત બનેલા વિદ્વાનોનો તેમણે પોતાના ઐશ્વર્યથી પરાભવ કર્યો હતો. (૧૧) ગુણાતીતાનંદ સ્વામીના વિશિષ્ટ વ્યક્તિત્વમાં સાધુતાની પરાકાષ્ઠા, શ્રીજીમહારાજ વિષેની પરાભક્તિની ઉત્કૃષ્ટતા, પંચવર્તમાનની દૃઢતા, શ્રીજીમહારાજના પડ્યા બોલ ઝીલવાની તત્પરતા અને નિષ્ઠા કે નિયમધર્મમાં કોઈપણ મહોબત કે બીક રાખ્યા વગર નીડરતાથી સાચી વાત કરવામાં સ્પષ્ટવક્તાપણું, અનેક માનઅપમાનના પ્રસંગોમાં સ્થિતપ્રજ્ઞતા જેવા અનેક વિશેષ ગુણો હતા. (૧૨) સૌથી વિશેષ તો તેમની શિષ્યપરંપરામાં બ્રહ્મસ્થિતિ આજ પર્યંત ચાલી આવે છે. જ્યારે બીજે એવી ઉજ્જવળ શિષ્યપરંપરા દેખાતી નથી. આ રીતે તેમનું જીવન, કાર્ય અને ઉપદેશ જોતાં તેઓ શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર, ધામરૂપ મૂળ અક્ષર અને ઉત્તમ અદ્વિતીય ભક્ત

તરીકે પ્રસિદ્ધ થયા. તેથી જ જીવમાત્રને બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અનિવાર્ય આદર્શ છે. આપણા સદ્ગુરુઓ બ્રહ્મ અને પરબ્રહ્મના મહિમાની આ ધૂન નિત્ય બોલાવતા :

સ્વામી અને નારાયણ, સ્વામી તે ગુણાતીત સ્વામી, નારાયણ સહજાનંદ સ્વામી.

અક્ષર અને પુરુષોત્તમ, અક્ષર તે ગુણાતીત સ્વામી, પુરુષોત્તમ સહજાનંદ સ્વામી.

બ્રહ્મ અને પરબ્રહ્મ, બ્રહ્મ તે ગુણાતીત સ્વામી, પરબ્રહ્મ સહજાનંદ સ્વામી.

આત્મા અને પરમાત્મા, આત્મા તે ગુણાતીત સ્વામી, પરમાત્મા સહજાનંદ સ્વામી.

આ પ્રમાણે અક્ષરપુરુષોત્તમની ઉપાસના જીવમાં દૃઢ કરી, એ ઉપાસનાના ધારક પ્રગટ સત્પુરુષ પ્રાતઃસ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના સ્વરૂપને ઓળખી તેમાં જોડાઈ તેમની આજ્ઞામાં રહીએ, તો ઉપાસનાનું આ જ્ઞાન સિદ્ધ થાય. સૌ મુમુક્ષુ જીવોએ આ જ્ઞાન સિદ્ધ કરી તેનું વિશેષ પ્રસારણ કરવા પોતાની સેવા આપવી જોઈએ, જેથી શ્રીજીમહારાજના કૃપાના ભાગી બને.

**પ્રશ્ન.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં ) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

૧. **ઉપાસના સમજવી મહત્વની છે. (૧/૧)** જ. દરેક મુમુક્ષુ બ્રહ્મભાવ પામવા પ્રયત્ન કરે છે. કલ્યાણના માર્ગે ચાલતા જીવો વ્રત, તપ, યોગ, યજ્ઞ, દાન, સત્સંગ વગેરે અનેક શુભ પ્રવૃત્તિ કરી આત્યંતિક કલ્યાણ મેળવવા ઇચ્છે છે. જેથી જન્મ-મરણનો ચકરાવો ન રહે અને ભગવાનના ધામમાં જઈ ભગવાનની મૂર્તિનું અતિ અપાર સુખ પમાય. ધ્યેયની સિદ્ધિ માટે ઉપાસના એ સૌથી શ્રેષ્ઠ અને આવશ્યક સાધન છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે ‘કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે. ઇત્યાદિક અનંત પ્રકારની મોટપને પામે છે તથા પરમપદને પામે છે. એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે. પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી.’ (વચ.ગ.પ્ર. ૫૬) ઉપાસના વગર આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાન થતું જ નથી એમ શ્રીજીમહારાજ ભારપૂર્વક કહે છે. ‘ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઇચ્છવું તે કેમ છે તો, જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ, તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય. અને નિર્બીજ એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી માટે એ વાર્તા ખોટી છે.’ (વચ.ગ.અં. ૩૬) વળી, ‘મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે. માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેય ને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.’ (વચ.ગ.પ્ર. ૬૧) ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે, ‘ઉપાસનાથી મોક્ષ છે. ધર્મ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી.’ (સ્વા.વા. ૫/૧૩૬) ‘આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજાં સાધનમાંથી લડથડે પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ.’ (સ્વા.વા. ૫/૭૦) ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય, જેવું દુઃખ આવી પડે તો પણ એમ સમજે જે દેહ તો પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું. એમ સમજીને સુખિયો રહે. (સ્વા.વા. ૧/૫૬)

૨. **મહારાજ બોલ્યા, ‘અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.’ (૬/૧૧૮)** જ. ગઢડામાં ઘેલામાં સ્નાન કરતાં સ્વામીનો એક પગ ભેખડમાં ભરાઈ ગયો. કેમેય પગ નીકળે નહિ. મહારાજે દર્શન દઈ ધીરેથી પગ કાઢવા કહ્યું. તે વખતે અક્ષર ઓરડીમાં પણ મહારાજ બોલી રહ્યા હતા : ‘‘અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.’’ મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર બેઠા છો, તો પગ કેમ ભાંગશે ?’’ મહારાજ હસતાં બોલ્યા : ‘‘અમારું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી, તેનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયો હતો તે માંડ કાઢ્યો. આમ મહારાજ અને સ્વામીને એકાત્મપણું હતું. પરબ્રહ્મ જ બ્રહ્મની ઓળખ આપી શકે.

૩. **શાસ્ત્રીજી મહારાજ કહેતા ધામ, ધામી ને મુક્ત સાથે હેત રાખવું. (૬/૧૧૩)** જ. શાસ્ત્રીજી મહારાજ એક વાત વારંવાર કહેતા કે આપણે રાવણ જેવા કે શૂર્પણખા જેવા ભક્ત ન થવું પણ વિભીષણ જેવા ભક્ત થવું. રાવણને સીતા ઉપર પ્રેમ ને રામ ઉપર રોષ હતો તો તેનું માથું કપાયં. તેમ જો ઉત્તમ ભક્ત જે ગુણાતીત તેની સાથે હેત રાખે અને ભગવાન જે મહારાજ તેનો દ્રોહ કરે તો માથું કપાય. અને શૂર્પણખાને રામ ઉપર પ્રેમ અને સીતા સાથે દ્વેષ હતો તો તેનાં નાક-કાન કપાયાં. તેમ ભગવાન સાથે હેત રાખે અને ઉત્તમ ભક્ત જે ગુણાતીત તેનો દ્રોહ કરે તો પણ નાક-કાન કપાય અને વિભીષણને ‘રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી’ એવી સમજણ હતી. તેમ આપણે ઉત્તમ પણ ઉત્તમ ભક્ત જે ધામ, ભગવાન જે ધામી અને તેમના સંબંધવાળા મુક્તો સાથે હેત રાખવું પણ તેમાંના કોઈ એકનો પણ દ્રોહ ન કરવો.

૪. **વરતાલમાં કેશવજીવનદાસજીને ધોળાં પહેરાવ્યાં. (૬/૧૨૨)** જ. હિન્દુસ્તાની સાધુ કેશવજીવનદાસજીને ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરનો અવતાર છે તેવી ઓળખાણ કરાવી હતી. અને કેશવજીવનદાસજીને પણ ગુણાતીતાનંદ સ્વામી પાસેથી આ વાતની દૃઢ પ્રતીતિ થઈ હતી. તેથી તેઓ સ્વામીના અક્ષરપણાનું પ્રવર્તન કરવા લાગ્યા. આ રીતે સ્વામીની ઉત્કૃષ્ટતા વધી રહેલી જોઈને ત્યાગી વર્ગ ઈર્ષાના અગ્નિમાં શેકાવા લાગ્યો અને કેશવજીવનદાસજીની આવી વાતનો વિરોધ કરવા લાગ્યો. આ વર્ગે આ સાધુને કહ્યું, ‘તમે સ્વામીને અક્ષર સમજો છો પણ અહીં વરતાલમાં તે પ્રમાણે વાત થશે નહિ, જો કહેશો તો ધોળાં લૂગડાં પહેરાવી દેશે.’ ગુણાતીતાનંદ સ્વામીના વચનથી જ તેમનામાં અક્ષરપણાની દૃઢ પ્રતીતિ જેને થઈ છે. એવા આ સાધુ કોઈના ગાંજ્યા જાય એવા નહોતા. દૃઢ નિષ્ઠા અને કેફથી તેમણે સ્પષ્ટ સંભળાવી દીધું. ‘કહુંગી, કહુંગી કહુંગી, કાલા પહેર કે ભી સ્વામી

કો અક્ષર કહુંગી' પછી તો તેમને ભગવાં ઉતરાવીને ધોળાં પહેરાવ્યાં છતાં ઉપાધિથી ડર્યા વિના તેમણે અક્ષરપણાનું પ્રતિપાદન ચાલુ જ રાખ્યું.

**પ્રશ્ન.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : - વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે. જે પરીક્ષાર્થીએ લખવા જરૂરી નથી.**

૧. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંગે જ ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ એ સહિત એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે. તેમને શરણે જઈ, તેમનામાં મન, કર્મ, વચને જીવ જોડીને તેમની આજ્ઞા અને અનુવૃત્તિમાં રહીને, આ જીવ બ્રહ્મરૂપ થાય છે અને પુરુષોત્તમની ભક્તિનો અધિકારી થાય છે. (૧૬)

૨. સગુણપણું અને નિર્ગુણપણું એ તો પુરુષોત્તમનું ઐશ્વર્ય છે, જ્યારે અક્ષરબ્રહ્મ સગુણપણે મહાનથી પણ મહાન અને નિર્ગુણપણે તો સૂક્ષ્મથી પણ અતિશય સૂક્ષ્મ છે. (૧૧)

૩. શ્રીજીમહારાજ પૂર્ણપુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વકર્તા, સદા સાકાર સર્વજ્ઞ પ્રગટ અને દિવ્ય છે. (૨)

૪. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા મુક્તો અનંત છે. પરંતુ અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. તે થકી અનંત મુક્તો થાય છે. પણ અનંત મુક્તોને ભેગા કરીએ તો પણ એક અક્ષરબ્રહ્મ થઈ શકે નહિ. પુરુષોત્તમ એ અક્ષરબ્રહ્મથી પર છે અને અક્ષરબ્રહ્મ એ મુક્તો થકી પર છે. આમ, મુક્ત, અક્ષર અને પુરુષોત્તમ ઉત્તરોત્તર એકબીજાથી પર છે અને ભિન્ન છે અને આત્યંતિક પ્રલયને અંતે પણ રહે છે. (૧૪)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪)**

૫. વચનામૃતાદિ સત્શાસ્ત્રોનું રહસ્ય તથા ભગવાનનો નિશ્ચય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સમાગમ કે કૃપા વગર સ્વતંત્રપણે સમજી-સમજાવી શકાય છે, તેમ ન સમજવું. (૧૬)

૬. આજ્ઞા પાળ્યા વગર, શિક્ષાપત્રી પાળ્યા વગર, અથવા તેને ગૌણ કરીને મોક્ષ મળી શકે છે, તેમ ન સમજવું. (૧૪)

૭. મુક્તિ અવસ્થામાં પણ મુક્તનો આત્મા અક્ષરબ્રહ્મના સાધર્મ્યને નથી પામતો, તેમ ન સમજવું. (૫)

**પ્રશ્ન.૮ ટૂંકનોંધ લખો : ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે તો વચનામૃત તથા સંપ્રદાયના અમુક ગ્રંથોમાં અમુક જગ્યાએ તેમને શ્રીકૃષ્ણ જેવા કેમ લખ્યા છે ? (૪/૫૬ થી ૫૮) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજના પ્રાગટ્ય સમયે અનેક મતપંથ, શક્તિપંથ, અસત્ સંપ્રદાયો, ગુરુઓ, વહેમો, જંત્ર-મંત્ર-તંત્ર વગેરેનું જોર હતું. તે સૌને આ નવા સંપ્રદાય સામે વિરોધ જબ્બર હતો. એવા કપરા સમયમાં મનુષ્યધારી જો પોતાને જ પરમાત્મા છડે ચોક કહે તો લોકો ભડકીને આ સંપ્રદાયમાં આવે જ નહિ. જેમ પથ્ય પડે તેમ ઔષધ અપાય એ ન્યાયે પ્રથમ સત્પુરુષ જેવા, પછી અવતાર જેવા અને તે પછી સર્વાવતારી પુરુષોત્તમ જેવા કહ્યા અને પરમહંસોએ જેમ જેમ મુમુક્ષુઓને નિષ્ઠા થઈ તેમ તેમ મહારાજના ઉત્કૃષ્ટ ભાવના શબ્દોથી તેમને નિરૂપ્યા. જેમ મુક્તાનંદ સ્વામીએ પ્રથમ મહારાજને સદ્ગુરુ કહ્યા. કાલવાણીમાં આરતી બનાવી ત્યારે 'જય સદ્ગુરુ સ્વામી' તે પછી 'છાંડી કે શ્રીકૃષ્ણ દેવ' અને છેલ્લે 'માઈ મેં પુરુષોત્તમ વર પાયો' તથા 'પિયા પાયા તો ફીર ક્યા સોના' એમ લખ્યું. જીવોને પોતાના સ્વરૂપમાં જોડવા જ શ્રીજીમહારાજે જ્યાં જે ઉપાસના પ્રધાન હોય ત્યાં તે દેવોની મૂર્તિઓ પધરાવી, જેથી મુમુક્ષુઓ પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા આવે અને પછી સંતના સમાગમથી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ઉપાસના દૃઢ કરે. આ રીતે આ સંપ્રદાયમાં સર્વોપરી ઉપાસના ક્રમશઃ પ્રસિદ્ધ થઈ. સંપ્રદાયના મોટા સદ્ગુરુઓ એક સ્થૂળ દૃષ્ટાંતથી स्थूलारुन्धती न्याय સમજાવે છે. નાના બાળકને જ્યારે બીજનો ચંદ્ર બતાવતા હોય ત્યારે આપણે કહીએ છીએ કે જો પેલા ખોરડા ઉપર બીજ છે. ચંદ્ર બતાવવા ખોરડાનો નિર્દેશ કરાય છે. આનો અર્થ એ નથી કે ખોરડા ઉપર બીજનો ચંદ્ર છે. ચંદ્ર તો તેથી ઘણો દૂર છે. તેવી જ રીતે ભગવાન પુરુષોત્તમનો મહિમા સમજાવવા પ્રથમ તેમને સત્પુરુષ જેવા, પછી અવતાર જેવા ને પછી અવતારી જેવા કહેવાય. કેટલાંક વચનામૃતોમાં પણ શ્રીજીમહારાજે પોતાને શ્રીકૃષ્ણ જેવા કહ્યા છે. કેટલાક ઠેકાણે શ્રીજીમહારાજે પોતાને ઉપદેષ્ટા, ગુરુ, આચાર્ય, સાધુ કે સાધક જેવા કહ્યા છે. પણ જે સાચો મુમુક્ષુ છે તે તો પોતાના ઈષ્ટદેવને સર્વથી પર માને અને એમ સમજે કે એ જે શબ્દો છે તે બીજાને માટે છે. તેમ સમજી ઉત્કૃષ્ટ ભાવના શબ્દોને જ ગ્રહણ કરે. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પણ એ જ આજ્ઞા કરી છે કે :

एतेषु यानि वाज्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ।।

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाज्यतः । धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ।। (શિક્ષાપત્રી ૧૦૧-૧૦૨)

''અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે વચન, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય, એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે ધર્મ સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સત્શાસ્ત્રનું રહસ્ય છે.'' ભગવાનના સ્વરૂપ માટેના જે શબ્દો તેમના સર્વોપરી સ્વરૂપને સ્પષ્ટપણે ન બતાવતા હોય કે મહિમા ઓછો કહેતા હોય, તો સત્શાસ્ત્રોના તે શબ્દો સર્વોપરી ઉપાસના સમજવા માટે ગ્રહણ ન કરવા પણ ઉત્કૃષ્ટ ભાવના શબ્દો જ ગ્રહણ કરી, એ શબ્દનો દેહ બાંધવો એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે.

(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, છઠ્ઠી આવૃતિ માર્ચ - ૨૦૦૬,
યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ ચતુર્થ આવૃતિ જુલાઈ - ૨૦૦૬)

**પ્રશ્ન.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે -૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

**૧. "કોઈ સંતપુરુષ આહુતિ આપે તો યજ્ઞનારાયણ જરૂર દર્શન દે."**
જ. (બ્રાહ્મણ) યાજ્ઞિક - યજમાનને (૧/૫)
વડોદરામાં એક વખત વિષ્ણુયાગ થતો હતો ત્યારે યજમાનોએ યાજ્ઞિકને પૂછ્યું ત્યારે.

**૨. "આ બધો વ્યવહાર મારા જેવા સામાન્ય ઉપર પડે તો મારું ઠેકાણું ન રહે."**
જ. નિષ્કુળાનંદ સ્વામી - મહારાજને (૩/૩૬)
મહારાજે ગઢડાના મહંત નિષ્કુળાનંદ સ્વામીને બનાવવાની વાત સભામાં કરી તેથી સ્વામી ગઢાળી ચાલ્યા ગયા. મહારાજે તેમને પાછા બોલાવી ગઢાળી ચાલ્યા જવાનું કારણ પૂછ્યું ત્યારે સ્વામીએ કહ્યું.

**૩. "પેટમાં ઢોળાવવાનું હતું તેના બદલે જમીન ઉપર ઢોળાયું."**
જ. શિવલાલભાઈ - ભગા દોશીને (૭/૭૦)
એકવાર શિવલાલભાઈ ધ્યાન કરવા બેઠા હતા ત્યારે મેડા પરથી ઘીના ગાડવા ગબડ્યા અને ઘી ઢોળાઈ ગયું તેની તેમને ખબર ન હતી. જ્યારે ભગાદોશીએ પૂછ્યું ત્યારે શિવલાલભાઈએ કહ્યું.

**૪. "પ્રભુ ! મને આપનાં ચરણોમાં રાખી લો."**
જ. લાલજી ભક્ત - રામાનંદ સ્વામીને (૩/૩૦)
લાલજી ભક્ત અને મૂળજી શર્મા રામાનંદ સ્વામીનાં દર્શને આવ્યાં. તેઓ તેમના આશ્રિત થઈ ગુરુમંત્ર અને વૈષ્ણવી દીક્ષા લીધી. રામાનંદ સ્વામીમાં આકર્ષાયેલા લાલજી ભક્ત રામાનંદ સ્વામી પાસે યાચના કરતાં કહે છે.

**૫. "અમારી ભૂલથી જ તેને આપઘાત કરવો પડ્યો એમ લાગ્યા કરે છે."**
જ. શ્રી ફ્રેન્ક - સ્વામીશ્રીને (૫૨)
લેસ્ટરમાં રહેતા ફ્રેન્ક તેમના દીકરાને માનસિક સારવાર માટે મનોચિકિત્સકો પાસે લઈ ગયા હતા. ત્યાં તેણે આઘાતથી આપઘાત કર્યો. તેની વાત કરતાં ફ્રેન્ક કહે છે.

**૬. "અમારી જિંદગીમાં આવા મુસાફર પહેલી જ વાર જોવા મળ્યા છે."**
જ. અધિકારીઓ - સ્વામીશ્રીને (૩૩)
એરપોર્ટના અધિકારીઓએ સ્વામીશ્રી અને સંતોનો સંપૂર્ણ સામાન ચેક કર્યો પણ કાંઈ ન મળ્યું. સામાન્ય રીતે મુસાફરીમાં રખાતા પંચોતેર જેટલા શિલીંગ પણ સ્વામી કે કોઈ સંતો પાસેથી ન મળ્યા ત્યારે કહે છે.

**પ્રશ્ન.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **પર્વતભાઈ ગોલા થવા તૈયાર થયા. (૬/૬૧)** કેટલીક વાર પર્વતભાઈ ચોરને સામેથી બોલાવીને અનાજ આપી દેતા ને મહારાજનો મહિમા કહેતા. વળી, પોતાને ત્યાં નવા નવા સાથી-દાડિયા રાખીને તેમને મહારાજના મહિમાની વાતો કરી, સત્સંગી કરતા. એકવાર દાદાખાચરનો ગોલો માંદો પડ્યો. તેથી સભામાં જે આવે એને મહારાજ પૂછે કે ''તમે દાદાખાચરના ગોલા થશો.'' પણ સૌ ના પાડે. કાઠીદરબારો કહે કે, અમારે તો ઘેર માણકિયું પૂંછડા ઝાટકે છે તે અમે શીદ એના ગોલા થઈએ ? મહારાજે પર્વતભાઈને સંભાર્યા અને પર્વતભાઈએ સભામાં પ્રવેશ કર્યો. પર્વતભાઈ મહારાજને પગે લાગે છે ત્યાં જ મહારાજે એમને પૂછ્યું કે દાદાખાચરના ગોલા થશો ? હા મહારાજ ! હું થઈશ. પર્વતભાઈએ બે હાથ જોડી ખચકાયા વગર જવાબ આપ્યો અને બોલ્યા : ''મહારાજ ! બૈરી-છોકરાંના ગોલા તો છીએ જ, તો પછી ભગવાનના ભક્તના ગોલા થવામાં તો અમારાં મોટાં ભાગ્ય ગણાય.''

૨. **વૈષ્ણવો આચાર્ય રઘુવીરજીમહારાજ પાસે માફી માંગવા આવ્યા. (૪/૪૩)** એક વાર મહેળાવમાં સંતમંડળ ગયેલું અને મહારાજના મહિમાનું કીર્તન ગાતું હતું : 'મતપંથને માથે મેખ મારી, લીધા જન છોડવી જો, મુંડ્યા કંઈક ગુરુ ભેખ, પાડ્યા મહંત ને ગોડવી જો.... રાજે ગઢપુર.' મંદિરની બાજુમાં આવેલી હવેલીમાં ગુંસાઈએ આ પદ સાંભળ્યું. ઘણા વખતની રીસ ભેગી થયેલી તેથી હલ્લો લઈ તે મંદિરમાં આવ્યો. જુવાનિયા સાધુઓ તો આઘાપાછા થઈ ગયા પણ એક ઘરડા સાધુ બેસી રહ્યા. તેમને સૌએ માર્યા, તે એટલી હદ સુધી કે તે સાધુનો દેહ ત્યાં ને ત્યાં જ પડી ગયો. આ વાતની વરતાલમાં ખબર પડી એટલે નિત્યાનંદ સ્વામીએ સો બંદૂકધારી પાર્ષદોને મહેળાવ જઈ તે ગુંસાઈની ખબર લઈ લેવા આજ્ઞા કરી. પણ રઘુવીરજી મહારાજને ખબર પડી એટલે એમણે સૌને વાર્યા કે ''આપણે વેર લેવું નથી, મહારાજ સારું કરશે.'' આ બાજુ એક સાધુ મરી ગયા એટલે વાત સરકાર સુધી પહોંચી અને ગુંસાઈને સજા થવાની તૈયારી થઈ. પછી બધા વૈષ્ણવો ભેળા થઈ રઘુવીરજી મહારાજ પાસે આવ્યા, માફી માગી અને ગુંસાઈને છોડાવવા વિનંતી કરી. તરત આચાર્ય મહારાજે ફરિયાદ પાછી ખેંચાવી ગુંસાઈને સજામાંથી બચાવી લીધા.

૩. **હર્ષાશ્રુ સાથે ડાહ્યાભાઈએ પ્રમુખસ્વામી મહારાજને આવકાર્યા.** (૪૩) ડાહ્યાભાઈ ક્યાં છે ? એમને મળવા જ ખાસ આવ્યા છીએ. ઘણા દિવસથી ઇચ્છા થતી હતી કે ડાહ્યાભાઈ બીમાર છે તો મળવા જઈએ, પણ આજે મેળ પડ્યો...' બોલતાં સ્વામીશ્રીના મુખ

પર ડાહ્યાભાઈને મળવાની તત્પરતાનો ચમકારો રાતના અંધારામાં ચમકતો હતો. માંદગીના બિછાને સૂતેલા ડાહ્યાભાઈએ બેઠા થવાનો પ્રયત્ન કર્યો. 'મને હતું જ કે બાપા જરૂર આવશે..' આંખમાં હર્ષાશ્રુ સાથે કૅન્સરગ્રસ્ત ડાહ્યાભાઈએ સ્વામીશ્રીને આવકાર્યા.

૪. **શહેરના મેયર વિલ્કિનસનના આશ્ચર્યનો પાર ન રહ્યો. (૨૯)** ઇંગ્લૅન્ડના આસ્ટન શહેરમાં સ્વામીશ્રીના સ્વાગતમાં નગરયાત્રાનું આયોજન થયું હતું. તે શહેરના મેયર અને અશ્વવિદ્યાના જાણકાર વિલ્કિનસને જોયું તો સ્વામીશ્રીની બગીને જોડેલો ઘોડો રેસનો હતો. બૅન્ડવાજાં વાગશે ત્યારે તે વિફરશે. તેમણે વ્યવસ્થાના અગ્રેસર શ્રી. સી. ટી. પટેલનું ધ્યાન દોર્યું. ત્યારે શ્રી. સી. ટી. પટેલે કહ્યું 'એના નિયંતા સ્વામીશ્રી છે. તેઓ બગીમાં બેસશે પછી કાંઈ નહિ થાય!' આ સાંભળીને મેયર ખૂબ ગુસ્સે થયા. પણ કાંઈ બીજો નિર્ણય લે તે પહેલાં તો સ્વામીશ્રી પધારી ગયા અને બગીમાં બિરાજી ગયા વિલ્કિન્શના આશ્ચર્ય વચ્ચે મદોન્મત ઘોડો એકદમ શાંત થઈ ગયો. સમગ્ર નગરયાત્રા દરમિયાન નીચી દૃષ્ટિ કરીને જ ચાલ્યો.

**પ્રશ્ન.૧૧ નીચે આપેલાં વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **કુશળકુંવરબાનો સંતો-ભક્તો પ્રત્યે મહિમા. (૫/૫૩) જ.** કાઠિયાવાડી લોકો પાસે ભારે ભારે ઘોડા તે ધરમપુર જતાં, માર્ગમાં ભરૂચનું દાણ લાગે તે માફ કરાવ્યું. માર્ગમાં ચોરોનો ઘણો ભય હતો. તેથી રસ્તામાં હરિભક્તોના રક્ષણ માટે શૂરવીર શસ્ત્રધારી અસવારો ગોઠવીને ચોકી પહેરો ગોઠવ્યો. બધા ધરમપુર આવી જતાં પોતાની દેખરેખ નીચે નિત્ય નવીન થાળ જમાડવાની વ્યવસ્થા કરી હતી. મહારાજનાં દર્શન-સમાગમનો લાભ લેવામાં સંતો ઉતાવળમાં કાચી-પાકી રસોઈ બનાવી જમી લે છે ને માંદા પડે છે એટલે તરત જ ચાર રસોઈયાનો પ્રબંધ કર્યો. મહારાજને વિનંતી કરી કે સંતો પાત્રમાં પાણીની અંજલિ ન લે, તેમ કરવાથી અમારા દેશમાં અપચો થાય છે. શેરડીના ગાડાં અને તાજા ગોળનાં ભીલાં, દૂધ, દહીં, ખાંડ અને સાકરની રેલમછેલ સંતો અને ભક્તો માટે તેમણે કરી હતી.

૨. **મુક્તાનંદ સ્વામીનો બ્રહ્મચર્યપાલનનો ખપ. (૨/૧૫) જ.** મુકુન્દદાસને બાળપણથી જ પ્રભુપ્રાપ્તિની ઝંખના હતી. પ્રભુપ્રાપ્તિ માટે બ્રહ્મચર્યવ્રત એ મહત્ત્વની અને અનિવાર્ય બાબત છે તે સમજાઈ ગયું હતું. બ્રહ્મચર્યવ્રત પાલનની ભાવના એટલી પ્રબળ બનતી ગઈ કે ગૃહસ્થ જીવન અસહ્ય લાગવા માંડ્યું. ઘરનો ત્યાગ કરી સાચા ગુરુની શોધમાં નીકળ્યા. ધ્રાંગધ્રામાં રહેતા બાવા દ્વારકાદાસ પાસે આવ્યા. અને પોતાની ઇચ્છા વ્યક્ત કરી. દ્વારકાદાસે તેમને વાંકાનેરમાં રહેતા કલ્યાણદાસ પાસે મોકલ્યા. કલ્યાણદાસ પિત્તળની કોપીન પહેરીને તેને લોઢાનું તાળું વાસતા. કલ્યાણદાસને મુકુંદદાસે પોતાની ઇચ્છા વ્યક્ત કરી. આટલા નાના કિશોરની આ વાત સાંભળી સ્તબ્ધ થઈ જતાં તેમણે જવાબ આપ્યો કે આ વસ્તુ ખૂબ કઠિન છે. આજથી ચાલીસ વર્ષ પહેલાં એક બાઈને મેં ઉજ્જૈનનો માર્ગ પૂછ્યો અને એ બાઈએ હાથનું લટકું કરી જવાબ આપ્યો તે લટકું હજી અંતરમાંથી ખસતું નથી. માટે નૈષ્ઠિક બ્રહ્મચર્ય કોઈથી પળાય તેમ નથી. આ સાંભળી તેમણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. ત્યાં તેમને આકાશવાણી સંભળાઈ કે તને ભગવાન જરૂર મળશે તું સરધાર જા. સરધાર આવી તુલસીદાસના આશ્રમમાં રહ્યા. સરધારમાં જ તેમને રામાનંદ સ્વામીનો મેળાપ થયો. રામાનંદ સ્વામીએ ખપ મુમુક્ષુતા જોઈ. તુલસીદાસની ચિઠ્ઠી મુકુંદદાસ પાસે મંગાવી. ગાંડપણ કરીને તેમણે ચિઠ્ઠી મેળવી. રામાનંદ સ્વામીના કહ્યા પ્રમાણે મુળુભાનું હળ હાંક્યું. ઘરનાની રજાચિઠ્ઠી મંગાવી. આ બધી કસોટીમાંથી મુકુંદદાસ પાર ઉતર્યા તે જ તેમનો બ્રહ્મચર્ય પાલનનો ખપ બતાવે છે.

૩. **બાળસ્નેહી પ્રમુખસ્વામી મહારાજ (૩૯) જ.** વલસાડના સાગર ખેડુ શાંતિલાલનો પ્રશાંત અકસ્માતમાં ઘવાયો હતો તેને સુરતની મહાવીર જનરલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. એ સમયે સ્વામીશ્રી સુરત આવ્યા. હોસ્પિટલના રસ્તે ખોદકામ થયું હોવાથી મોટર જઈ શકે તેમ ન હતી, તો સ્વામીશ્રી ચાલીને આઈ.સી.યુ. માં દાખલ કરેલા બાળક પાસે પહોંચ્યા. ગાઢ તંદ્રામાં પડેલા બાળકના આખા શરીરે હાથ ફેરવીને બાળક તેમનો સ્વર સાંભળી રહ્યો હોય તેવી શ્રદ્ધા સાથે 'પ્રશાંતને જય સ્વામિનારાયણ કહ્યાં. ઠાકોરજીનો પ્રસાદીનો હાર પહેરાવ્યો. પિતા શાંતિલાલને આશ્વાસન આપ્યું. મદદ માટે તમામ બાંહેધરી આપીને એક સ્વજન કરતાંય વિશેષ મમતા દાખવી. એક નિર્દોષ અબુધ અને ગરીબ બાળકના દુ:ખમાં ભાગ લીધાના સંતોષ સાથે ૮૦ વર્ષની ઉંમરે ખાડાટેકરાવાળા રસ્તા પર ચાલતા પાછા ફર્યા.

૪. **પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિ (૧૭, ૨૧, ૩૪) જ. ૧.** પ્રમુખસ્વામી તેમના ઈષ્ટદેવથી કદી અળગા થતા નથી. તમામ મહત્વના પ્રસંગોએ મંચ પર કે વ્યાસ પીઠ પર ઠાકોરજીની મૂર્તિ અગ્રસ્થાને જ રાખે છે. સ્વામીશ્રીના સાનિધ્યમાં હંમેશા ઈષ્ટદેવને જ અગ્રક્રમ અપાય છે. આટલી બધી વિરાટ સિદ્ધિઓનો યશ ભગવાનના ચરણોમાં અર્પણ કરે છે. **૨.** વડોદરામાં ઠાકોરજી સમક્ષ સ્વામીશ્રીના ચરણ સ્પર્શ કરવા જતાં ભગવદ્‌ચરણ સ્વામીને રોકતાં બોલ્યા, ''ઠાકોરજી આગળ મને નીચા નમીને પગે લાગવું નહીં. ઠાકોરજીની મર્યાદા સાચવવી જોઈએ. રાજા આગળ નોકરને પગે લાગીએ તો કેવું લાગે ?'' ઓરલેન્ડોમાં શ્રી કોગ્સવેલને 'અમે તો સેવક છીએ.' રાષ્ટ્રપિતા જોમો કૅન્યાટાને 'પ્રતિક નથી સાક્ષાત્ ભગવાન અખંડ રહ્યા છે. **૩.** એક વખત બામણગામમાં ધોમધખતા તાપમાં ઘરોઘર પધરામણીઅઓ કરી ઉતારે પહોંચાયા. ગળું સુકાવા લાગ્યું હોવા છતાં ક્યાંય પાણી પીવાનો મેળ પડયો ન હતો. ત્યારે સંધ્યા આરતીનો સમય થયો હોવાથી સ્વામીશ્રી સીધા આરતીમાં જોડાઈ ગયા. આરતી, અષ્ટક, વંદન પૂરાં થયે. સેવક સંતને યાદ આવતાં પાણીનો પ્યાલો સ્વામીશ્રીને આપ્યો. પ્યાલો હાથમાં લેતાં પહેલા જ સ્વામીશ્રીએ પૂછ્યું આ ઠાકોરજીને ધરાવ્યું છે ? ખરેખર સેવકસંત તો ઠાકોરજીને ધરાવવાનું ભૂલી જ ગયા હતા. ભગવાનને અર્પણ કર્યા વિનાનું પાણી કે પુષ્પની પાંદડી પણ તેમને સ્વીકાર્ય નથી.

**પ્રશ્ન.૧૨ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. **લાલજી ભક્તે યાત્રામાં શું શું સાથે લીધું ? (૩/૩૧)**

લાલજી ભક્તે યાત્રામાં ભાતું, પાણી અને થોડી કોરી સાથે લીધા.

**૨. ગોપાળાનંદ સ્વામીએ કોને કોને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહી સમાગમ કરવા મોકલ્યા હતા ? કોઈપણ બેનાં નામ આપો. (૧/૭)**

ગોપાળાનંદ સ્વામીએ અચિંત્યાનંદ બ્રહ્મચારી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, શિવલાલભાઈ, જીભાઈ શેલત, કેશવજીવનદાસ વગેરેને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહી સમાગમ કરવા મોકલ્યા હતા.

**(નોંધ : પરીક્ષાર્થીએ ઉપરના નામમાંથી કોઈપણ બે નામ લખ્યાં હોય તો સાચું આપવું.)**

**૩. ચૈતન્યાનંદ સ્વામી આંખો કેમ મીંચી ગયા ? (૨/૨૧)**

મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીની કોપીનનો આડબંધ ચૈતન્યાનંદ સ્વામીને દર્શન કરવા આપ્યું. તેથી ચૈતન્યાનંદ સ્વામી આંખો મીંચી ગયા.

**૪. પ્રમુખસ્વામી મહારાજને ભાગવતી દીક્ષા ક્યાં અને ક્યારે મળી ? (૮)**

પ્રમુખસ્વામી મહારાજને ભાગવતી દીક્ષા ગોંડલમાં તા. ૧૦/૧/૧૯૪૦ માં મળી.

**૫. પ્રમુખસ્વામી મહારાજના કહેવા પ્રમાણે વિશ્વમાં શાંતિ શેનાથી શક્ય છે ? (૫૬)**

જીવનમાં ધર્મનું અનુસરણ કરાય ને પરસ્પર સહિષ્ણુતા કેળવાય તો વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય.

**પ્રશ્ન.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩ (૩/૩૮) ૨. ૧, ૩ (૪/૪૬) ૩. ૧, ૨, ૪ (પ્રસ્તાવના ૧૧, ૧૨) ૪. ૧, ૩ (૨૫, ૩૭)

## વિભાગ : - ૩ સામાન્યજ્ઞાન નિબંધ

**પ્ર.૧૪ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **સત્સંગ પ્રચારમાં મારું કર્તવ્ય :** **૧.** મનુષ્યમાત્રને પોતાનું કર્તવ્ય - કૌટુંબિક, આર્થિક, સામાજીક, રાજકીય. **૨.** આપણે સત્સંગી છીએ તેથી આપણું કર્તવ્ય શું ? સત્સંગનો પ્રચાર કરવો - સત્સંગ પ્રચાર કરવો તે આપણી પવિત્ર ફરજ - કારણ સત્સંગ એ આપણો પોતાનો સત્સંગ છે. **૩.** સત્સંગમાં પ્રથમ તો આપણે પોતે સ્થિરતા કેળવવાની આવશ્યકતા - કોઈનો અભાવ, અવગુણ ન લેવો - નાની મોટી મુશ્કેલીઓનો હિંમતથી ભગવાનના બળથી સામનો કરવો વગેરે વિશેષતાઓ આપણામાં હોય તો આપણું પ્રચાર કાર્ય શોભે (પ્રસંગો) **૪.** સત્સંગનો પ્રચાર કરવો, શુદ્ધ ઉપાસના સમજાવવી, ગુરુનો મહિમા અન્યને કહેવો - સત્સંગ કરવાથી શું લાભ થાય તે વાત સમજાવવી - સત્સંગ કરવાથી આંતરિક શુદ્ધિ થાય છે તે મહિમા સમજાવવો. **૫.** શ્રીજીમહારાજ તથા ગુરુપરંપરાનો સત્સંગ પ્રચારના કાર્ય માટે રાજીપો પ્રાપ્ત થાય. તેમણે વેઠેલ ભીડો, મુશ્કેલીઓ જો આપણે વિચારીએ તો આપણા પ્રચાર કાર્યમાં બળ આવે - સત્સંગ પ્રચારનું કાર્ય સુદૃઢ રીતે બનાવવાથી આપણી દૃઢતા વધે, નિશ્ચય પાકો થાય, આંતરિક દોષો દૂર થાય - વિષમ સંજોગોમાં સ્થિરતા આવે (પ્રસંગો) આ બધું વિચારવાથી આપણા સત્સંગ પ્રચારકાર્યમાં બળ આવે, વેગ આવે - ઉપસંહાર.

૨. **સ્થિરતાનો ઉપાય - સાચી સમજણ :** **૧.** સમજણના બે પ્રકાર : સવળી સમજણ અને અવળી સમજણ - બીજા અર્થમાં positive thinking અને nagative thinking. **૨.** દરેક વ્યક્તિ પોતાના જીવનમાં દરેક ક્ષેત્રે સ્થિરતા ઇચ્છે છે - આર્થિક સ્થિરતા, સામાજિક સ્થિરતા, સત્તાની સ્થિરતા - સત્સંગમાં પણ સ્થિર રહેવાય, ટકી જવાય તે સૌથી વિશેષ સ્થિરતા. **૩.** હવે જોઈએ કે આ સ્થિરતા કઈ રીતે થાય ? તો તેનો જવાબ છે 'સાચી સમજણ' - દરેક ક્ષેત્રમાં સાચી સમજણ આવશ્યક - સાચી સમજણ કેળવવાથી કુટુંબમાં અંદર-અંદર કલેશ ન થાય, કુટુંબ ટકી રહે, તેથી આગળ સમાજમાં, રાષ્ટ્રમાં, સત્સંગમાં સાચી સમજણ કેળવવાથી વિકાસ થાય - પ્રસંગો. **૪.** સાચી સમજણ કેળવવાથી બધા ક્ષેત્રમાં સ્થિરતા આવે અને ઝડપી વિકાસ થાય (પ્રસંગો) **૫.** સામે પક્ષે સમજણ હોય પણ સાચી ન હોય, કોઈની ખોટી દોરવણીથી સમજણ કેળવાઈ હોય તો તે કુટુંબને, સમાજને, રાષ્ટ્રને હાનિ પહોંચાડી શકે. અનેક અનર્થો સર્જાય, કોઈ ક્ષેત્રમાં સ્થિરતા ન રહે. (ભૂતકાળના પ્રસંગો) **૬.** માટે જ સ્થિરતાનો ઉપાય સાચી સમજણ - ઉપસંહાર.

૩. **ગુરુ બિન જ્ઞાન નહિ :** **૧.** દરેક વિદ્યા ભણવા માટે ગુરુની જરૂર - 'ગુરુબ્રહ્મા.....નમઃ' આપણા જીવનનું ઘડતર પાલન, દુર્ગુણોનો નાશ પરબ્રહ્મનો મેળાપ ગુરુ વિના શક્ય નથી. **૨.** શાસ્ત્રોના સાચા અર્થની સમજ સાચા ગુરુ થકી જ પમાય છે. એકાંતિક ધર્મની સિદ્ધિ પણ એકાંતિક ગુરુ થકી જ થાય છે. મીરાંબાઈએ રોહીદાસને ગુરુ કર્યા - પાયો જી મૈને રામ રતન ધન. **૩.** ભગતજી મહારાજે દેહના ચૂરેચૂરા કર્યા - શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર - શાસ્ત્રીજી મહારાજે ગુરુવચને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરીને મંદિરોમાં સ્થાપના કરી - યોગીજી મહારાજે મહેળાવમાં કરેલી પ્રાર્થના - પ્રમુખસ્વામીએ શાસ્ત્રીજી મહારાજના વચને કરેલી સેવાઓ.

❑ ❑ ❑